ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ



## આણંદ લોકસભા અને બોરસદ વિધાનસભાનું ગામ ડાલી

## બોરસદ અને ખંભાતના સિમાડાઓને જોડતા ડાલી ગામમાં લોક પ્રતિનિધીઓની જાગૃતતા હેઠળ પ્રાથમિક સુવિધાઓ સહજતાથી ઉપલબ્ધ છે

બોરસદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સૌથી વધુ દૂરના અંતરે વસેલું બિલકુલ છેવાડાનુ ગામ ડાલી છે. ખંભાત અને બોરસદની સરહદ ધરાવતું ગામ ડાલી છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસ માર્ગે આગળ વધી રહ્યું છે. તાલુકા મથક બોરસદથી 26 કિલોમીટર અને જીલ્લા મથક આણંદથી 46 કિલોમીટરના અંતરે આવેલ ગામ ડાલી ખુબ ઓછી જનસંખ્યા ધરાવતા ગામમાં મોખરાનું ગામ છે.

ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં આવે છે. ગામમાં આર્થિક સમૃદ્ધિ ના હોવાથી માત્ર સરકારી ગ્રાન્ટની ફાળવણી આધારે જ જરૂરી વિકાસ કામોના લાભ માટે સરકાર પર જ નિર્ભર રહેવું પડે છે. જોકે છેલ્લા બે દાયકાથી ડાલી ગામમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતાને પગલે ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ અને ખુલ્લા ચોગાનમાં બ્લોક વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે.




ગામમાં પાણીની સુવિધા માટે પાણી પુરવઠા યોજના હેઠળ સમગ્ર ગામમાં ઘરે ઘરે નળ સુવિધા થકી પાણીની સુવિધા ઉપલબ્ધ થયેલી છે.

આઝાદી પહેલા આ ગામ નવાબ સરકારની હકુમતમાં આવતું હતું. તત્કાલીન સમયે બહુ જ ઓછી વસ્તી ધરાવતા વેરાન વગડા જેવા વિસ્તારમાં સૌથી પહેલા માનવ વસવાટ નહીંવત પ્રમાણમાં હતો. ગામમાં મોટાભાગે સ્થાનિક લોકો સામાન્ય જીવન શૈલીનુ જીવન જીવતા હતા. સમયાંતરે બદલાવ આવતો હતો. પરંતુ દેશ આઝાદ થયા બાદ સ્વરાજ્યની સંસ્થાઓની સ્થાપના થયા બાદ ગામના લોકોને પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થવા પામી હતી.

વર્તમાન સમયમાં આશરે લગભગ ત્રણ હજારની વસ્તી ધરાવતા ગામમાં સિંધા , સોલંકી, પરમાર, પટેલ , પ્રજાપતિ ,રબારી , દેવીપૂજક વણકર રોહિત વાલ્મિકી વગેરે સમાજના લોકો અહીંયા હળી મળીને સંપીને રહે છે.. ગામનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ડાલી ગામતળ વિસ્તારમાં વસવાટ કરતા લોકો ઉપરાંત સીમાડા વિસ્તારમાં પણ લોકોનો વસવાટ છે. ગામના સીમાડા વિસ્તાર ખુબ મોટા પ્રમાણમાં વિસ્તરે છે. ડાલી ગામની સરહદે ખંભાત તાલુકાના ખડોધી કલમસર અને રાલજ ગામના સીમ વિસ્તાર આવેલા છે . ગામમાં વ સ્થાનિક કક્ષાએ પ્રાથમિક શિક્ષણ માટે શાળા અને આંગણવાડીઓની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ ડાલી ગામ વસ્તીની દ્રષ્ટીએ સામાન્ય ગામ છે પરંતુ ગામના મોટાભાગના લોકોની દિઘદ્રષ્ટીના કારણે ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સારા પ્રયત્નો કરવામાં આવે છે. ગામની મહિલાઓ પોતાના શ્રમ દ્વારા દૈનિક આવકમાંથી બચત એકત્ર કરી શકે તે માટે સખી મંડળો અને સ્વ સહાય જુથો બનાવવામાં આવેલ છે. આ મંડળ અને જુથો દ્વારા દરેક મહિલા સભ્યના નાના-મોટા કામ ખુબ જ સરળતાથી પરિપૂર્ણ થાય છે. જુથોના સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ પોતપોતાના વિસ્તારના સ્વ સહાય જુથો અને સખી મંડળો દ્વારા સંલગ્ન રહીને આર્થિક ઉત્કર્ષ કરી રહેલ છે. ગામની ઉત્તર દિશામાં મોટું તળાવ છે. તળાવને કાંઠે મંદિર છે. મંદિરની પાસે વિશાળ ઝાડની છાયામાં ગ્રામજનો હળવાશની પળો માણવા માટે અચુકપણે આવે છે. ગામમાં લગભગ ત્રણસોથી વધુ ઘર છે. ગામમાં એક નાનું બજાર છે. તેમાં જીવનજરૂરિયાતની બધી વસ્તુઓ મળે છે.

## ડાલી ગામમાં જ્ઞાનોદયથી સર્વોદયના સંકલ્પ સાથે લક્ષ્ય ગ્રુપનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મહીં પંથકમાં અનોખો સેવાયજ્ઞ



### મહીકાંઠા વિસ્તારના 25 જેટલા ગામોની શાળાઓમાં દર વર્ષે માર્ગદર્શન અને ક્વિઝ સ્પર્ધાનું આયોજન

મહીકાંઠા વિસ્તારમાં વર્ષ ૨૦૧૬થી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જાગૃતિ લાવવા માટે લક્ષ્ય ગ્રુપ કાર્યરત છે. લક્ષ્ય ગૃપનું મુખ્ય કાર્ય સ્થળ બોરસદ તાલુકાનુ ડાલી ગામ છે. આ ગ્રુપના પ્રયાસો થકી અત્યાર સુધી કાંઠા ગાળાના ઘણા યુવાઓ કોન્સ્ટેબલ, તલાટી, શિક્ષક ભરતી, GPSC જેવી પરીક્ષાઓમાં સફળતા મેળવી સરકારી નોકરી મેળવી ચૂક્યા છે. શિક્ષણ ક્ષેત્રે આ ગ્રુપ દ્વારા ક્રાંતિકારી પ્રયત્નો ના એક ભાગરૂપે શાળાકીય ધોરણે થી જ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે રુચિ જગાડવા તેમજ ભવિષ્યમાં સ્પર્ધાત્મક વાતાવરણમાં કંઈ રીતે લડવું તે શીખવવા માટે લક્ષ્ય ક્વિઝ સ્પર્ધા નું આયોજન કરવામાં આવે છે.

મહીકાંઠા વિસ્તારના 25 જેટલા ગામોમાં સ્થાનિક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દર વર્ષે માર્ગદર્શન અને ક્વિઝ સ્પર્ધા નું આયોજન કરવામાં આવે છે.

શિક્ષણ ક્ષેત્રે આ ભગીરથ સેવાકીય કાર્યમાં 25 ગામોમાંથી એકસાથે માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના હજારો વિદ્યાર્થીઓ લક્ષ્ય ક્વિઝ સ્પર્ધામાં જોડાય છે. નવતર અને પ્રેરણાત્મક આયોજન મુજબ મહીકાંઠા વિસ્તારના ખંભાત તાલુકાના ધુવારણ, ખડોધી, કલમસર, તેમજ બોરસદ તાલુકાના કઠાણા, કઠાણા સ્ટેશન કન્યા શાળા, કણભા, બદલપુર, જુના બદલપુર, દહેવાણ, કોઠ કઠોલ, સારોલ, ડભાસા અને જંત્રાલની શાળામાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહે છે.

### એક વર્ષમાં 24 યુવાનોએ કારકિર્દી માટે સફળતા મેળવી

આ વર્ષે શિક્ષક ભરતીમાં લક્ષ્ય ગ્રૂપના નિ:શુલ્ક કોચિંગ અને માર્ગદર્શનથી 14 યુવાઓ શિક્ષક તરીકે નિમણૂક પામ્યા છે. તેમજ ગતરોજ જાહેર થયેલ પોલીસ કોન્સ્ટેબલ પરિણામમાં 15 યુવાઓ ક્વાલિફાય થયા છે.આર્મીમાં 5 યુવાઓ પસંદગી પામ્યા છે.

### લક્ષ્ય ગ્રૂપ સંચાલક મંડળ

અશોકસિંહ સિંધા (PSI) નડિયાદ, પ્રવિણસિંહ સિંધા (સમાજસેવક) ગણપતસિંહ પરમાર (શિક્ષક),બદલપુર હાઇસ્કુલ, કિરણસિંહ પરમાર, (શિક્ષક), ભુવેલ પ્રા. શાળા ઘનશ્યામસિંહ સિંધા, (હેડ કોન્સ્ટેબલ), ખંભાત સિટી ધીરસિંહ પરમાર, (સિનિ. ક્લાર્ક), સોજિત્રા તાલુકા પંચાયત

## ડાલી ટાઉન ટોક

### -: ડાલી ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 548 |
| કુલ વસ્તી | 2746 |
| કુલ પુરૂષો | 1425 |
| કુલ સ્ત્રીઓ | 1321 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 79.27 |
| પુરૂષ સાક્ષરતા દર | 90.89 |
| સ્ત્રી સાક્ષરતા દર | 66.96 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 369 |
| ખેત મજૂર | 237 |
| સીમાંત વર્ગ | 843 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 175 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 458 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1017 |
| ગાય | 16 |
| ભેંસ | 996 |
| અન્ય | 5 |

### -: જમીન ક્ષેત્રફળ :-

387 હેક્ટર 78 આરે 7 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 5 હેક્ટર 28 આરે 8 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 02 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 506 |

### -: પીવાના પાણીની સવલત :-

| | |
|---|---|
| ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા | 460 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 910 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 10 |
| ખેતી વિષયક જોડાણ | 26 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 200 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 438 |
| BPL કાર્ડ ધારકો | 144 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 82 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 05 |
| વિધવા સહાય | 40 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 06 |